Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ · અંક : ૦૮ · તા. ૨૧ થી ૨૭ ફેબ્રુઆરી - ૧૫ · વાર્ષિક લવાજમ રૂ. ૫૦ · Postal Reg. No. MCE / 53 / 2015 - 2017

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ

### વર્ષ ૨૦૧૫–૨૦૨૦ ની કારોબારીમાં નિયુક્ત થયા બદ્દલ

પ્રમુખ



શ્રી કલ્પેશ માણેકજી મોતા – રાપરગઢ

પ્રથમ ઉપ પ્રમુખ



શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા – વરાડીયા

દ્વિતિય ઉપ પ્રમુખ



શ્રી લેરીન વર્ધમાન ખોના – સુજાપર

ખજાનચી



શ્રી અતુલ ડુંગરશી ધરમશી – સુથરી

શુભેચ્છક : કે.ડી.ઓ. ગરીમા ગ્રુપ

તમને આવકારવા ઉત્સુક સમસ્ત આસમાન...
આપ પ્રકાશશો સુરજ સમાન !!



## કલ્પેશ માણેકજી મોતા

(રાપર ગઢવારી - ઘાટકોપર)

શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના પ્રમુખ પદે
આપની વરણી થઈ તેના સમાચારે સમસ્ત જ્ઞાતિમાં
એક નવા યુગના મંડાણ થઈ રહ્યાના એંધાણ આપ્યા છે....
જ્ઞાતિ ગૌરવ જેવા આપ, જ્ઞાતિ ગરિમાને
સોળે કળાએ ખીલવો એવી શુભેચ્છા !

**શ્રીમતી મીનાક્ષીબેન મુલચંદ સોની સમસ્ત પરિવાર - જખૌ**

## નાગડા અને ખોના પરિવારનું ગૌરવ



**ચિ. તેજસ** (CA)

માં સરસ્વતીની અસીમ કૃપાથી
પોતાની સુઝબુઝ ખંતને આત્મબળે
પરિવાર ને આશ્ચર્યમાં મુકી
નવેમ્બર ૨૦૧૪ ની (CA Final) માં ઉત્તિર્ણ થઈ
પોતાના તથા પરિવારના નામને
ગૌરવ પ્રદાન કર્યા બદલ હાર્દિક અભિનંદન

માતા - પિતા : અ.સૌ. પ્રીતિ નુતન નાગડા
(નલીયા - સુરત)
અ.સૌ. રેખા જીગ્નેશ ખોના (સુથરી - મસ્જિદ)
ભાઈ : ચિ. નેમ, જીગ્નેશ,

**ખોના તથા સમસ્ત નાગડા અને ખોના પરિવાર**

## મોમાયા તથા દંડ પરીવારનું ગૌરવ



**સૌ. ફોરમ કરણ મોમાયા**

C.A. FINAL મા સિધ્ધી મેળવા બદલ
ખુબ ખુબ અભિનંદન.

- માતુશ્રી પ્રભાવંતી ઝવેરચંદ મોમાયા
- ધારિણી ભુપેન્દ્ર મોમાયા
- માતુશ્રી પ્રમિલા શાંતિલાલ દંડ
- શ્યામલ વિનય દંડ • આકાશ વિનય દંડ

*તંત્રી સમીપે*

# યુવા વર્ગ અને મધ્ય વયના જ્ઞાતિજનોને જ્ઞાતિ પ્રવાહમાં પલોટીએ..

વીતેલ ત્રણેક મહીના દરમ્યાન જ્ઞાતિના જુદા જુદા વિસ્તારોમાં યુવા સમુદાયને આવરી લેતા વિવિધ આયોજનો - કાર્યક્રમો થયા. આમાં કેટલાક આયોજનો તો યુવક - યુવતીઓએ સ્વતઃ પોતપોતાની સંસ્થાઓના નેજા હેઠળ કર્યા જ્યારે અન્ય આયોજનોમાં વડીલો માર્ગદર્શક બન્યા. તેમ છતાં, આ સઘળા આયોજનોમાં જે સામ્યતા નજરે પડી તે એ હતી કે એ દરેક દરેક વિસ્તારોના યુવક - યુવતીઓ અને કિશોર - કિશોરીઓએ તેમાં ઉલટભેર ભાગ લીધો અને એકબીજાના પરિચયમાં તો આવ્યા પણ મહત્વની વાત એ હતી કે તેઓ એકબીજામાં રહેલ વિશિષ્ટ પ્રતિભાઓથી વાકેફ થયા.

મુંબઈ મુલુંડના સર્વોદય મંડળની સુવર્ણ જયંતિ મહોત્સવ ગત ડિસેમ્બરમાં યોજાયો તેની પૂર્વ ભુમિકા તો ત્રણેક મહીના પહેલાં જ બંધાઈ અને તેમાં ઉત્તરોત્તર ઉત્તેજના અને પરાકાષ્ટાની છોળો ઉડી. આમાં સહભાગી થયેલ મુલુન્ડના જ ૪૦૦ - ૫૦૦ જેટલા જ્ઞાતિજનો પૈકી લગભગ ૭૦ ટકા / ૮૦ ટકા જેટલા યુવા - યુવતી કિશોરો અને કિશોરીઓ પંદરેક વર્ષથી ૨૮ - ૩૦ વર્ષના વયજુથના હતા અને તે સૌમાં આ ત્રણેક મહીનાના વિવિધ કાર્યક્રમોમાં સતત પ્રવૃત રહેવાને કારણે જ્ઞાતિતત્વના જે અંકુર ઉજાગર થયા તે ક્રમશઃ ન કેવળ પરસ્પર પરિચયનો પરિઘ વિસ્તારવામાં પરંતુ તેમને જ્ઞાતિપ્રવાહમાં સમાવિષ્ટ કરવામાં પણ પરિણમ્યા.

આ વખતેજ જ્ઞાતિજનોના વસવાટના એક બીજા કેન્દ્ર જલગામમાં કેડીઓ ખેલોત્સવ યોજાયો જેમાં પણ ત્યાંના જ્ઞાતિ યુવા - કિશોરીઓએ વિવિધ રમતોની સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લઈને જ્ઞાતિની નિકટતા માણી.

આ બંને કાર્યક્રમોની સાથો સાથ જ, જ્ઞાતિમાં ૬૦ વર્ષથી કાર્યરત યુવા સંસ્થા ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘે આ વર્ષે જાન્યુઆરીમાં જલસા - ૨ નું આયોજન કર્યું તેમાં ૩ થી ૧૨ વર્ષના ૪૫૦ થી વધૂ જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને પોત - પોતાની વિશિષ્ટતાઓ અને પ્રતિભાઓનો પરિચય આપ્યો.

આ ઉપરાંત પણ બે - ત્રણ સ્થળોએ યુવા - કિશોરો માટે ક્રિકેટ સ્પર્ધાઓ યોજાઈ.

આમ, જ્ઞાતિના યુવા - કિશોરીઓ હજી પણ જ્ઞાતિ પરત્વે પર્યાપ્ત અને સંતોષજનક માત્રામાં અનુબંધ અને અભિમુખતા ધરાવે છે તેની પ્રતીતિ સૌ સંબંધિતોએ અનુભવી.

પરંતુ, ઉક્ત સઘળા કાર્યક્રમો વખતે યુવા વર્ગમાં નિહાળયેલી જ્ઞાતિના સ્તરે તેમજ અન્યોન્ય વચ્ચેની આ નિકટતા બહુધા ભલે પરિચયાત્મક


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606



**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા



**અંક નં. 08/2015**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

તબક્કામાં હોય તેમ છતાં એકંદરે જોઈએ તો આવા કાર્યક્રમો અને આયોજનો ફરી ત્યારે જલદીથી યોજાય તેવી ઝંખના અને ઉત્સુકતા જ્ઞાતિના સંબંધિત વિસ્તારોમાં યુવા - કિશોરીઓમાં હજી પણ વર્તાઈ રહ્યાં છે તેને તે તે વિસ્તારોમાં અને સંસ્થાઓ પૂરતી જ નહીં પરંતુ સમગ્ર જ્ઞાતિ સ્તરે એક સુત્રતામાં પરોવી લેવાય અને તે પણ વધુ વિલંબ વિના તે અત્યંત જરૂરી બન્યું છે.

છેલ્લાં પંદરેક વર્ષો દરમ્યાન જ્ઞાતિના યુવા - કિશોરીઓ માટે યુવા મિલનના અનેક આયોજનો થયા, જેમાં દર બે વર્ષે જ્ઞાતિના પાંચ એકમો અને મુંબઈ મહાજન લગભગ ક્રમાનુસાર રીતે જુદા જુદા શહેરોમાં ત્રણેક દિવસ માટે યુવાઓને એક મંચ પર એકત્રિત કરે છે.

આમાં પણ, આવા યુવા - મિલનના આયોજનને સાર્થકતા બક્ષે અને જ્ઞાતિ યુવા - કિશોરીઓ પાસેથી મોટી આશા - અપેક્ષાઓ જન્માવે તેવું આયોજન મુંબઈ મહાજન દ્વારા ડિસેમ્બર ૨૦૧૧માં થયું જેમાં અનેક ઉત્તમ ગુણવત્તા ધરાવતા કાર્યક્રમ - સત્રો થયા જેમાં ઉપસ્થિત ૪૦૦ - ૪૫૦ જેટલા કિશોર - યુવા વર્ગે વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોને ન કેવળ સાંભળ્યા પણ તેમની સાથે પરસ્પર સંવાદ (ઈન્ટરેક્ટ) કરવાની તક મેળવી.

યંગ - તરંગના આ આયોજનમાં ૧૫ થી ૨૦ વર્ષના ૧૦૦ કિશોરો અને ૯૫ કિશોરીઓ, ૨૧ થી ૨૫ વર્ષના પણ સોએકે યુવકો અને સીત્તેરેક યુવતીઓ અને ૨૫ થી ૩૦ વર્ષના પાંત્રીસેક યુવકો અન પંદરેક યુવતીઓ સહભાગી થયા હતા. આ આયોજનના અંતે આમાંના બહુમત યવુા કિશોરીઓએ ત્યારથી જ જ્ઞાતિ માટે યથાશક્ય યોગદાન આપવાના ઉત્સ્ફૂર્ત અભિલાષ વ્યક્ત કર્યો અને તે પછી આ કિશોર - યવુાઓએ તેમને મળેલ પુસ્તિકામાં દર્શાવેલ ઈ-મેઈલ આઈડીની માહિતીને આધારે સંવાદ - સંપર્ક (ચેટીંગ) દ્વારા અન્યોન્ય સાથે સુરેખ નાતો જાળવવાનો પ્રારંભ પણ કરેલ.

પરંતુ યુવા - કિશોરીઓ વચ્ચે સર્જાયેલ આ સંપર્ક - નેટવર્ક અને જ્ઞાતિ માટે કશુંક પણ કરી છુટવાનો સંકલ્પ અને ઉત્તેજના થોડા જ મહીનાઓમાં મોળાં પડી ગયા અને આ રીતે એક ઉત્કૃષ્ટ અને ગંજાવર ખર્ચાળ આયોજનની ફળશ્રુતિ શુન્યમાં પરિણમી તે માટે ફક્ત મુંબઈ મહાજનના અધિકારીઓને દોષ આપવા કરતાં જ્ઞાતિના અન્ય સર્વ એકમો અને સૌથી વધુ જ્ઞાતિની કેન્દ્રીય સંસ્થા સમસ્ત મહાજનને જ જવાબદાર ઠેરવવી જોઈએ.

આ પછી પણ સમસ્ત મહાજનને ત્રણેક વર્ષે ફરીથી પોતાની ધ્યેય પૂર્તિની દિશામાં મહત્વનું કદમ ઉપાડવાની તક મળી. ગત વર્ષે જ્ઞાતિકર્મીઓમાં આશા - ઉમંગનો સંચાર કરતી અને જ્ઞાતિના યુવા - કિશોર વર્ગને જ્ઞાતિ પ્રત્યે અભિમુખતા અને લગાવમ જન્માવે તે હેતુથી એક આગવી શૈલીમાં યુવા વિનિમયની શ્રેણી ચેન્નઈ મહાજન અને મુંબઈ મહાજનના સંયુક્ત ઉપક્રમે પ્રારંભાઈ.

ઓગષ્ટ ૨૦૧૪માં જ્ઞાતિના રાયપુર, અમદાવાદ, ગાંધીધામ, બેંગલોર, પુના, સોલાપુર, કોચીન, કલીકટ, હુબલી, ગદગ, નાંદેડ, પાંચોરા, અહમદનગર, ચાલીસગામ, સાંગલી, યવતમાલ, ડીગ્રસ, જલગામ, નાસિક, નીમચ, નાગપુરના યુવા - યુવતીઓ જ્ઞાતિના વસવાટના અન્ય સ્થળો જેમ કે મુંબઈ, કલકત્તા, ચેન્નઈ, હૈદ્રાબાદ, કોઈમ્બતુર ઈત્યાદિ શહેરોમાં આપણા જ્ઞાતિજનોના કુટુંબોના જ ફલેટો - બંગલામાં સાથે ત્રણેક દિવસ રહ્યા અને તેમની રહેણી કરણીથી તેમજ ત્યાં જોવા લાયક સ્થળો અને સ્થાનિક અન્ય જ્ઞાતિજનો અને સમવયસ્ક યુવા - કિશોર વર્ગ સાથે કારકિર્દી વિષયક , ધાર્મિક, સામાજીક દષ્ટિબિંદુ ઓથી પરિચિત થયા ત્યારે પણ જે ૧૦૦ - ૧૫૦ યુવા કિશોરીઓ આ આયોજનમાં સહભાગી થયા હતા તેમણે પણ જ્ઞાતિ માટે નાનું - મોટું યોગદાન આપવાની ઝંખના વ્યક્ત કરી હતી.

પરંતુ તે પછી આ વિનિમયના દ્વિતીય ચરણ રૂપે જ્યારે ઓક્ટોબર ૨૦૧૪ માં વળતી દિશામાં એટલે કે યજમાન - મહેમાનની વળતી ભૂમિકા અદા કરવાનો દોર આવ્યો ત્યારે મુંબઈના યુવા - કિશોરીઓ મુંબઈ બહારના શહેરોમાં જવા તત્પર થયા નહીં. આ વખતે પણ સમસ્ત મહાજને કોઈ કરતાં કોઈ પણ પ્રકારની સક્રિયતા

દાખવી નહીં. અલબત્ત પરોક્ષ રીતે મુંબઈ મહાજનના અધિકારીઓએ આ અંગેની જવાબદારી પોતાની છે તેમ સ્વીકારીને મુંબઈના યુવક - કિશોરીઓ આ દોરમાં સહભાગી ન થયા તેના કારણો તરિકે પરિક્ષાઓ અને નવરાત્રીના કાર્યક્રમોને અડચણરૂપ ઠેરવતો મોડે મોડે ખુલાસો કર્યો જે, અલબત્ત માની શકાય તેમ ન હતો.

એ જે હોય તે, પણ સમગ્રપણે જોતાં એ સ્પષ્ટ થયું છે કે જ્ઞાતિમાં યુવા - પ્રવૃતિઓ વખતો વખત યોજાતી આવી છે. પરંતુ પ્રારંભમાં ખુબ બધી આશાઓ ઉપજાવતા ઉત્સાહ ને જોશનાં મોજાં બે - ત્રણ મહીનામાં ઓસરી જતા હોય છે.

અલબત્ત, યુવા વર્ગને સ્પર્શતા આ આ આયોજનોમાં સામાન્ય રીતે જે વય જુથનો સમાવેશ થતો આવતો હોય છે તે ૧૫ - ૧૬ થી ૨૫ - ૨૬ ની આસપાસનો હોય છે જે કોલેજ શિક્ષણના પ્રવેશકાળથી શરૂ થતો હોય છે અને સ્નાનક કે ટૂંકા અનુસ્નાતક અભ્યાસ પૂરો કરેલા લગ્નોત્સક યુવા - યુવતીઓને આવરી લેતો હોય છે.

જ્ઞાતિના યુવા વર્ગ અંગે વિચારણા કરતી વખતે તેમના વયજુથ પછીની તરતની વયના જ્ઞાતિજનો એટલે કે ૨૬ થી ૩૫ વર્ષના વર્ગમાં આવતા જ્યેષ્ઠ યુવાઓ અને મધ્ય વય એટલે કે ૩૫ થી ૫૦ - ૫૫ વર્ષીય મધ્ય વયસ્કોની જ્ઞાતિ પ્રત્યે અભિમુખતા વિષે પણ વિચારણા કરવી સ્વાભાવિક બને છે.

આ ૨૬ થી ૫૫ વર્ષીય જ્ઞાતિજનો જેઓ કાં તો પોતાના લગ્ન જીવનના પ્રારંભના તબક્કામાં હોય છે કાં તો જેમનાં સંતાનો કોલેજ શિક્ષણમાં પ્રવેશ મેળવી ચૂકયા હોય છે અને કાં તો ઉક્ત બંનેના મધ્ય કાળમાં હોય છે. આ જ્ઞાતિજનોના જ્ઞાતિ કે જ્ઞાતિ પ્રવૃતિઓમાં રસ લેવાના મુદ્દે વિચારણા કરીએ તો તે ચિત્ર બિલકુલ આશાજનક નથી. આ વયજુથમાં ૬૦ ટકા થી વિશેષ પુરૂષ જ્ઞાતિજનો જ્ઞાતિમાં બિલકુલ રસ લેતા નથી એટલે સુધી કે તેમનો જ્ઞાતિ સાથેનો સંપર્ક વ્યવહાર લગભગ તુટી જવા જેવો જ થઈ ગયો છે. આના મુખ્ય કારણમાં, આ યુવક યુવતીઓએ તેમના અભ્યાસકાળ દરમ્યાન જ્ઞાતિમાંથી ભલે કદાચ શૈક્ષણિક સહાય લીધી હશે અને અથવા તેમની કિશોરઅવસ્થામાં ભલે તેઓ જ્ઞાતિ કાર્યક્રમોમાં વધારે -ઓછે અંશે પ્રવૃત્ત હાજર રહ્યા હશે પણ શાળાંત વર્ષના ઉંબરે અને તે પછી ઉચ્ચ શિક્ષણ માટે કારકીર્દી પસંદ કરવાની વેળા તેમને માર્ગદર્શન આપવા જ્ઞાતિમાં કોઈ વ્યવસ્થિત સ્ત્રોતો ઉપલબ્ધ ન હોતાં તેમણે પોતાના ઈતર જ્ઞાતિ સમાજોના મિત્રો પાસેથી કે પોતાની સ્વતંત્ર રીતે જાણકારી મેળવી કારકિર્દી પસંદ કરી હતી અને તે પછી જીવનમાં સ્થાયી થયા બાદ એજ ઈતર જ્ઞાતિના મિત્રો સાથે તેઓ વધારે સંપર્ક - સંસર્ગમાં રહ્યા છે. આ રીતે તેમનું આજનું મિત્રવર્તુળ આપણી જ્ઞાતિમાં ઓછા પ્રમાણમાં રહે તે સ્વભાવિક છે. મુંબઈના જ્ઞાતિ ટ્રસ્ટના મકાનોમાં તેમજ જલગામ, ગાંધીધામ અને આદિપુર વિસ્તારોમાં જ્ઞાતિના સંકુલોમાં રહેતા ૩૦ થી ૫૦ વર્ષના યુવક - યુવતીઓ આમાં અપવાદરૂપ હશે પણ એકંદરે ઉક્ત વય જુથ અને તેમાં પણ ખાસ કરીને પુરૂષ વર્ગ જ્ઞાતિથી અલિપ્ત થયેલો વધારે પ્રમાણમાં દેખાય છે. જો આ પરિસ્થિતિ વધારે સમય ચાલુ રહેશે તો દશેક વર્ષમાં જ્ઞાતિની એકસુત્રતાનો પોત ઝીર્ણ થઈ જાય તેવી સંભાવના નકારી શકાય તેમ નથી.

આ રીતે, આપણો યુવા - વર્ગ અને મધ્ય વય વર્ગ જ્ઞાતિના મુખ્ય પ્રવાહમાં સતત સંકળાયેલો રહે તે માટે ગંભીરતાપુર્વક વિચારણા કરી તે અંગે અસરકારક પગલાં લેવાનો સમય હવે પાકી ગયો છે.

આ માટે ઘણા વૈકલપિક ઉપાયો સૂચવી શકાય તેમ છે.

મુંબઈ મહાજન દ્વારા યોજાયેલ ઉક્ત યંગ તરંગમાં સહભાગી થયેલ ૪૫૦ જેટલા યુવાઓની સંપૂર્ણ માહિતી, સંપર્ક નંબર, મેઈલ આઈડી તેમજ ગત વર્ષે ચેન્નઈ મહાજન અને મુંબઈ મહાજનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ યુવા - વિનિમયના બે દોર દરમ્યાન પણ અન્ય ૨૦૦ યુવા - કિશોરીઓ વિષેની અને તાજેતરમાં મુલુંડ સર્વોદય મંડળ અને વિદ્યાર્થીસંઘ દ્વારા

યોજાયેલ આયોજનો દરમ્યાન આ વયજુથના જ્ઞાતિજનોની ઉપરોક્ત પ્રકારની સર્વ સંપર્ક માહિતીઓનું સંકલન કરાવી આ યુવા વર્ગ અન્યોન્ય સાથે સંપર્ક - સંવાદ (ઈન્ટરેક્ટ) કરે તેવું માળખું આસાનીથી ઊભું કરી શકાય, જે માટે વિદ્યાર્થીસંઘના યુવા અધિકારીઓ, ચેન્નઈ મહાજનના પાંચેક યુવા કાર્યકરો જેમણે ગત વર્ષે યુવા વિનિમય કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું અને મુલુંડ સર્વોદય મંડળના ઉક્ત સુવર્ણ જયંતિ કાર્યક્રમ દરમ્યાન ભાગ લેનાર ચાર - પાંચ ટેકનોસેવી યુવાઓ અને મુંબઈ મહાજનની વર્તમાન વ્યવસ્થાપક સમિતિમાં સક્રિય પાંચેક યુવા સભ્યો - મળીને ૨૦ - ૨૫ યુવક યુવતીઓની બંનેલી એક અનૌપચારિક ટીમને આ જવાબદારી સોંપી શકાય.

તે જ રીતે, યુવા - વિનિમયનો ત્રીજો દોર પુનઃ ગતિશીલ થાય તે અંગે પાંચ એકમો અને મુંબઈ મહાજનના અધિકારીઓએ શીઘ્રતઃ પગલાં લેવા જોઈએ. મુંબઈ મહાજન અને સમસ્ત મહાજનના અધિકારી - વ્યવસ્થાપક સમિતિ, ટ્રસ્ટબોર્ડની કાર્યાવધિ ભલે ૩૧ માર્ચના પૂરી થઈ રહી છે તેમ છતાં જ્ઞાતિના વિશાળ હિતમાં તે સૌ સંબંધિતો નવા ચૂંટાયેલા કે નિમણુક થનાર અધિકારી વર્ગ - ટ્રસ્ટબોર્ડનો સહકાર મેળવી આ દિશામાં સત્વરે પ્રવૃત થશે તો તે પણ ખૂબ લાભદાયી બનશે.

આ ઉપરાંત મધ્ય વયના વર્ગ (૩૦ થી ૪૫) ને જ્ઞાતિ આયોજનોમાં રસ લેતા કરવા નાના - મોટા શહેરોમાં સ્થાનિકે અવારનવાર બેઠકો - સભાઓ ગોઠવવા સ્થાનિક મહાજનો અને એકમો સંનિષ્ઠ પ્રયાસ આદરશે તો તે પણ ઉચિત થશે. મધ્ય વયના પરિણિત યુગલોનો પણ વિનિમય કાર્યક્રમ એક શહેરથી બીજા શહેરના જ્ઞાતિજનોની પરસ્પરની મુલાકાતો અને જ્ઞાતિજનોના કુટુંબીઓ સાથે તેમના જ રહેણાકમાં બે - ત્રણ દિવસ રોકાય તેવા આયોજનો પણ પ્રયોગાત્મક રીતે શરૂ કરી શકાય.

અલબત્ત, આ બાબતે અન્ય વિકલ્પો પણ સૂચવી શકાય. પરંતુ છેવટે તો, જ્ઞાતિના કિશોર - કિશોરીઓના વયજુથથી શરૂ કરીને જ્યેષ્ઠ યવુા અને મધ્ય વયના જ્ઞાતિજનોમાં જ્ઞાતિ પ્રત્યે અભિમુખતા કેળવાય અને તે સતત ટકી રહે તેમજ જ્ઞાતિ પ્રવૃત્તિઓમાં તેઓ ભાવનાત્મકપણે અને સક્રિયતાથી રસ લેતા થાય તે માટે ઉપયુક્ત વાતાવરણ ઊભું કરવા સૌ જ્ઞાતિજનો - પદાધિકારી હોય કે ન હોય - સંનિષ્ઠા દાખવશે તો જ ખરા અર્થમાં સુગ્રથિત જ્ઞાતિ ઐક્યનું લક્ષ્ય હાંસલ કરી શકાશે.

- રા.

## Please Note / નોંધ લેવા વિનંતિ

● Cheques for PAyment are to be drawn in favour of C. D. O. Prakash Samiksha Samiti (& not K.D.O.Prakash Samiksha Samiti)

● E-mails are to be sent on kdoprakash@gmail.com (& not kdoprakashsamiksha@gmail.com)

● While sending e-mails, pl.intimate on 9004165192 by SMS (This number is only for sms & replies we do not talk / repond on it, please.

### ભૂલ સુધાર

અંક નં.૭માં ૮માં પાને સ્વ.હીરાચંદ અરજણ પટેલની શ્રધ્ધાંજલિની જાહેરાતમાં તેમની બહેનોનાં નામોમાં ગં.સ્વ. દેવકુંવરબાઈ વિશનજી મેપાણી (પરજાઉ-મુલુંડ) વાંચવું. ભૂલ બદલ ક્ષમાયાચના.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## જૈન - આહાર બાબત લઘુમતી, ભાગ-૨ - સ્વાનુભવ

પ્રવીણચંદ્ર શામજી ધરમશી કોઠારા - સુરત 09978903247

મારા અગાઉના લેખમાં મેં લખેલ છે કે માત્ર તપસ્યા માટે નહીં પણ દૈનિક જીવનમાં પણ શુધ્ધ જૈન ધર્મ પાલન બહુ જ કઠીન છે, આ બાબતને થોડા સ્વાનુભવ પ્રસંગો રજૂ કરીને પ્રસ્તુત કરું છું. લગભગ આવો અનુભવ ઘણા બધાને પણ થયો હશે.

ઉચ્ચ અભ્યાસ માટે ઘર છોડીને હોસ્ટેલમાં રહેવાનું થયું અને ત્યારે સુરત આવવાનું થયું હોસ્ટેલ માત્ર જૈન વિદ્યાર્થીઓ માટેની હોવાથી આહાર બાબત કોઈ સમસ્યા ન નડી. પણ અભ્યાસ પછી નોકરી માટે મારે 'સેઈલ' (સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમીટેડ)ના દુર્ગાપુર સ્થિત 'એલોય સ્ટીલ પ્લાન્ટ' માં નોકરી માટે આવવું પડયું ત્યારે આહાર બાબત ખુબ જ મુશ્કેલી પડી હતી.

હું સેઈલમાં ગ્રેજયુએટ ઈન્જીનીયર ટ્રેની (GET) તરીકે જોડાયેલ ત્યાં ટ્રેની માટે હોસ્ટેલ હતી જેમાં ૮-૧૦ ટ્રેની સાથે મળીને એક 'કુક' કે રસોયો રાખે. બાકી રસોડું, રાંધવા - જમવાના વાસણ તથા બળતણ વગેરે કંપની તરફથી મળતા. રસોયાનો પગાર તથા ગ્રોસરીનો ખર્ચ સહિયારો રહેતો. અમારી બેચમાં હું એક માત્ર ગુજરાતી અને સો ટકા શાકાહારી હતો. (૧૦૦ ટકા જૈન ભોજનનો હું આગ્રહી નથી - ક્ષમાયાચના.

દર રવિવારે 'ફિસ્ટ' એટલે મિજબાની રહેતી જેમાં અનેક માંસાહારી વાનગીઓ રહેતી તથા સાંજે દારૂની મહેફીલ પણ ખરી. તેથી દર રવિવારે મારે બહાર મળતી શાકાહારી વાનગી અને બંગાળી મીઠાઈઓથી ચલાવવું પડતું. મારા મોટાભાઈના એક મિત્રના સગા જામનગરના જૈન હતા તેમનો દુર્ગાપુરમાં કાપડનો વેપાર હતો તેમની સાથે ઓળખાણ થઈ અને ઘનિષ્ઠ સંબંધ થયા, જેથી લગભગ દર રવિવારે સવાર - સાંજ તેમને ત્યાં રહેવા - જમવાનું થતું. આજે પણ તે પરિવાર સાથે સંબંધ જળવાયેલ છે. આ ભોજનની સમસ્યા ટાળવા માટે મને કંપની તરફથી ફેમીલી એકોમોડેશન મળે તે પહેલાં જ મેં લગ્ન પણ કરેલ. તે સમયમાં અમને કયાં પણ બહાર ભોજનનું નિમંત્રણ મળે તો અમે માત્ર બંગાળી મીઠાઈઓ જ વાપરતા અને મુખ્ય ભોજન ઘરે આવીને કરતા. બંગાળમાં માત્ર વિધવા સ્ત્રીઓ જ માંસાહાર ન કરે અને કોઈ કોઈ બંગાળીઓ ગુરૂવારે માંસાહારી ભોજન ન લે તેવી પ્રથા છે. બંગાળમાં બ્રાહ્મણો પણ માંસાહાર કરે છે.

મારો સુપુત્ર તો બહારના (પરદેશના) કોઈ પણ ચોકલેટ, બીસ્કીટ જેવી ખાદ્યવસ્તુ હોય તો નથી વાપરતો. તે ઉપરાંત જ્યાં શાકાહારી અને માંસાહારી બન્ને ભોજન મળતા હોય તેવી (પંચતારક બાદ કરતાં) હોટેલમાં પણ જવાનું ટાળે છે. સો ટકા જૈન ભોજન બહુ જ ઓછી હોટલોમાં તૈયાર હોય છે. અગાઉથી ઓર્ડર આપો અને યોગ્ય જથ્થામાં ઓર્ડર હોય તો મોટા ભાગની હોટલો જૈન ભોજન આપે છે. તેથી દરેક વખતે શુધ્ધ જૈન ભોજનનો આગ્રહ રાખવો અશકય છે.

છેલ્લા પચ્ચીસ કરતાં વધારે વર્ષોથી સુરતમાં સ્થાયી છીએ. ભારતમાં કદાચ ગુજરાત જ એવું રાજ્ય છે, જ્યાં શાકાહારી લોકો વધારે છે. અમે ઘણાં વર્ષો મધ્યમ વર્ગના આડોસી પાડોસીઓ સાથે ગુજાર્યામાં જ્યાં પ્રમાણમાં વધારે ઘરોબો અને નિકટતા હોય તેથી છોકરાઓ મોટા થયા તો પણ આહાર બાબત ખાસ ચિંતા ન થઈ. કારણ કે લગભગ આડોસી - પાડોસી જૈન નહીં તો પણ સ્વામીનારાયણ ધર્મ પાળવાવાળા કે શુધ્ધ શાકાહારી જ હતા. એક - બે એવા પાડોસી હતા જે ઘરમાં માંસાહારી ભોજન ન બનાવે પણ બહાર ખાઈ લે!

પણ છેલ્લા આઠેક વર્ષથી કહેવાતી 'હાઈ સોસાયટી' માં બંગલામાં રહેવા ગયા. અહીં ૨૪ બંગલાની સોસાયટીમાં અમે એક માત્ર જૈન છીએ. એકાદ પારસી, એકાદ ક્રિશ્ચીયન છે અને મોટાભાગના પટેલો છે. અમારા પરિવાર સિવાય સો ટકા શુધ્ધ શાકાહારી મારી જાણ પ્રમાણે કોઈ

**લગ્ન સંબંધી**
મુંબઈ ઘાટકોપર સ્થિત ધુલ્લા પરિવારના
યુવક ૫.૧૦" ઉંચાઈ, ઉંમર ૨૬ વર્ષ,
સારી કંપનીમાં જોબ, B.E. Computer
કન્યાના વડીલો સંપર્ક કરે.
મો. 09987188338/ 8692992333

જ નથી. તે ઉપરાંત કોઈ કોઈ પ્રસંગે દારૂની મહેફીલ પણ ખરી. આ કારણસર અમારે અન્ય લોકો સાથે થોડો ઓછો ઘરેબો છે. આવી સમસ્યા મહાનગરમાં રહેતા જૈન પરિવારોને જ્યાં માત્ર એકાદ જ ઘર જૈનનું હોય ત્યાંના જૈનોને પણ હોઈ શકે. આ કારણસર કોઈને ત્યાં ભોજન લેતા પહેલાં આપણે મોટાઓ તો પૂછી પણ લઈએ કે ભોજન શુધ્ધ શાકાહારી તો છે ને? પણ આપણા નાના બાળકો ક્યાં કોઈના ઘરે કશું ખાઈ લે કે સ્કુલમાં અન્ય મિત્રો સાથે નાસ્તો 'શેર' કરે તો શું ખાય છે તેની ચિંતા કદાચ સૌ જૈન મા-બાપોને રહેતી હશે.

હાલના જમાનામાં તો લગભગ દરેક શુભ પ્રસંગે કેક કાપવાનો રીવાજ છે અને મોટાભાગના લોકો કેક શુધ્ધ શાકાહારી છે કે નહીં તે બાબત બહુ જાગૃત નથી હોતા તેથી જૈન મા-બાપોને ચિંતા રહે.

ઉપરાંત કેટલીક વાર ચોકલેટ પણ બહારની એટલે કે 'ઈમ્પોટેડ' હોય જે શુધ્ધ શાકાહારી ન પણ હોય.

આ આહાર સંબંધી સમસ્યાનો કદાચ એક જ ઉપાય છે, જે થોડો મુશ્કેલ જરૂર છે પણ કદાચ અમૂક વર્ષો પછી અસરકારક બની શકે. તે છે કે દરેક જૈન વ્યક્તિએ પોતાની અટક જૈન જ રાખવી! ગુજરાતમાં મોટાભાગના જૈનો પોતાની અટક શાહ રાખે છે. પણ ગુજરાતમાં શાહ અટક ધરાવતા જૈનો ઉપરાંત વૈષ્ણવ વણિકો પણ છે. હું ત્રણ ચાર વૈષ્ણવ શાહ અટક ધરાવતા પરિવારને ઓળખું છે. જેઓ ઘરે માંસાહાર રાંધતા નથી પણ બહાર ખાઈ લે છે!

જૈનોના ઘણા ફાંટા છે જેમકે દિગમ્બર, શ્વેતાંબર, અચલગચ્છ, તપગચ્છ, ખત્તરગચ્છ, દસા, વિશા ઓસવાલ, પોરવાલ વગેરે. દરેકના પોતાના રિતરિવાજો કે ધાર્મિક વિધિઓ અલગ અલગ હોઈ શકે પણ આહાર બાબત તો સૌ જૈનો સમાચારી છે એટલે કે જ્યારે પણ કોઈ જૈન અજૈન પરિવાર અને તે પણ સર્વભક્ષી પરિવારમાં લગ્ન કરે ત્યારે આચાર, વિચાર અને આહારના વિરોધાભાસને કારણે શાંતિપૂર્વક લગ્નજીવન માટે ખૂબ જ સમાધાન અને સમજદારી જરૂરી થઈ પડે છે.


*** Shree Mahakali Maa Namah:** *** Shree Ganeshay Namah:** ***Shree Munisuvrat swami Namah**

**KAPIL H .DHUULA**

Cell No- 91-8655014140, 91-9820623967



**MAHAKALI MAA TRAVELS**

* Flight Booking Lowest Rates for Domestic & International Booking
* Hotel Booking & Flight + Hotel Booking
* Bus Booking also Available
* Visa Assistance

* **Service 24 X 7 For All Booking Service**

**Landline No :- 0251-6060608**

Add :- Kiosk No-1, Impress Mall, opp Don Bosco School, Shagaon , Dombivali, ( East ), Pin Code -421201.

**Note:- * Special Fare Available for every Airlines booking**
*** Discount Also availble , Door Stap Service Available Here,**
*** Terms & Conditions Apply.**

## સ્ત્રી શક્તિનાં વિવિધ રૂપઃ કલ, આજ ઔર કલ




પ્રાચીન કાળમાં અનેક તેજસ્વી સ્ત્રીઓ હતી. લોપમુદ્રા, ગાર્ગી, અપલા જેવાં વૈદિક પાત્રોએ મહત્વનાં પ્રશ્ન ઉઠાવ્યા છે અને એની ચર્ચા કરી છે. મીરાંબાઈ, ઝાંસીની રાણી અનો કસ્તુરબા જેવી મહિલાઓએ પણ ભક્તિચળવળના કાળમાં અનો સ્વાતંત્ર્યસંગ્રામમાં એક ઉદાહરણરૂપ જીવન જીવવાનો આદર્શ રજુ કર્યો છે.

જો કે, તો તો ભુતકાળમાં પુરુષપ્રધાન સમાજે સ્ત્રીઓ માટે કેટલાક પ્રશ્ન ઊભા કરેલા. સ્ત્રીઓનું શોષણ થતું, સતીપ્રથા હતી તથા સ્ત્રીઓને મિલકતમાં માલિકીહક મળતો નહોતો. સ્ત્રીને ભણવાની આઝાદી નહોતી એને કારણે સ્ત્રી સમાજનું એક અગત્યનું અંગ છે એ જ જાણે ભુલાઈ ગયું હતું. સમાજમાં સત્તા અને સંપત્તિના જોરે સ્ત્રીઓનું શોષણ થતું હતું. એને કારણે સ્ત્રીઓને મળવું જોઈએ એ સ્થાન મળ્યું નહોતું. જો કે દરેક સમાજમાં અનેક વિચારવંત સામાજિક નેતાઓએ, ધાર્મિક નેતાઓએ સ્ત્રીઓની આઝાદી માટે અવાજ ઉઠાવ્યો છે. વંદે માતરમ્ ગીતની પ્રેરણાના મૂળમાં એના કવિ બંકિમચંદ્ર ચટોપાધ્યાય અને એમની દીકરી વચ્ચે થયેલા સંવાદ છે. એમની દીકરીએ પૂછેલું જે ભારતમાતા કેવી છે? આ પ્રશ્નનો જવાબ આપવા માટે કવિએ ભારતમાતાના વર્ણન માટે જે ગીત લખ્યું એ ગીત વંદે માતરમ્! આમ એક પુત્રીની પ્રેરણાથી આવું સરસ ગીત આપણી સર્વેની માતા ભારતમાતાને મળ્યું છે.

વર્તમાનકાળ એક રીતે બદલાતો સમય છે. એમાં આઝાદીની ચળવળની અસર છે. સ્ત્રીશિક્ષણનું પરિણામ દેખાવા લાગ્યું છે. જાહેર જીવનમાં, નોકરી - ધંધા - રોજગારમાં સ્ત્રીઓએ

શ્રી સચ્ચાઈ માતાય નમઃ શ્રી ભલારાદાદાય નમઃ શ્રી સુરાપુરા દાદાય નમઃ

**સુસભ લોડાયા પરિવારના દેવસ્થાન**
**મોટી ખાવડી, નાની ખાવડી, દલતુંગી, ગોરખડી,**
**મોટી ખાવડી મુકામે નમતા**
**લોડાયા પરિવારના સર્વે ભાવિકોને જય જિનેન્દ્ર - જય માતાજી**

**સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે શ્રી મોટી ખાવડી ગામમાં બિરાજમાન લોડાયા પરિવારના દેવસ્થાન શ્રી સચ્ચાઈ માતાજી, શ્રી ભલારાદાદા, શ્રી સુરાપુરાદાદાની ધ્વજા ચૈત્ર સુદ ૧૩ ને ગુરુવાર તા. ૨.૪.૧૫ ના ગંધી બદલાવવાની વિધી તેમજ સાંજના ભલારાદાદાનો પાઠ રાખેલ છે. સર્વે ભાવિકોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

**કમીટી મેમ્બર પાસે ફાળો લખાવવા નમ્ર વિનંતી છે. ધુપ - દિવેલનો માસિક નકરો રૂા. ૧૧૦૦/- રાખેલ છે. જે કોઈપણ ભાવિકની ઈચ્છા હોય તે કમીટી મેમ્બર પાસે પોતાના નામ લખાવી શકે છે. સર્વે ચડાવા ગુરૂવાર તા. ૨.૪.૧૫ ના સવારે ૯ કલાકે સ્થાનિક મંદિરમાં બોલવામાં આવશે, જેની સર્વે ભાવિકો નોંધ લેશોજી.**

**ફાળો લખાવવા માટે સંપર્કઃ**

- **ભરત પાસુભાઈ લોડાયા : 09833772735**
- **કિરીટ કાંતીલાલ લોડાયા : 09920472971**
- **દિનેશ કુંવરજી લોડાયા : 09322967701**
- **સોમચંદ કરમશી લોડાયા : 09322076748**
- **જગદીશ લધુભાઈ લોડાયા : 09974705957**

**શ્રી સુસભ લોડાયા પરિવારના જય જિનેન્દ્ર - જય માતાજી**

પોતાનું પ્રદાન આપવા માંડયું છે અને ખાસ કરીને શિક્ષણમાં સ્ત્રીઓની વિશેષ હાજરી દેખાઈ આવે છે. આ એક સારી નિશાની છે અને આને કારણે સ્ત્રીઓની શક્તિનો પરિચય મેળવવા - રાજ્ય અને દેશના વિકાસ માટે સ્ત્રીઓની ભૂમિકા વધુ ને વધુ બળવત્તર બનશે.

૧૯૭૧ની ભારત - પાકિસ્તાનની લડાઈ વખતે જ્યારે ભૂજનું એરપોર્ટ સાવ નષ્ટ કરી નાખવામાં આવ્યું અને એ એરપોર્ટ આપણા માટે બહુ અગત્યનું હતું. રાતોરાત નવેસરથી એ રન - વે ફરી બાંધવામાં ન આવે તો બીજા દિવસે ભારતીય હવાઈ દળનાં વિમાન ત્યાં ઊતરી ન શકે. મને એ વાતનું ખુબ ગૌરવ છે કે માધાપરની અને કચ્છની બહેનોએ આખી રાત મહેનત કરીને ભૂજના રન - વેનનું બાંધકામ સખત પરિશ્રમ દ્વારા સહાય પૂરી પાડી અને ભારતીય સેનાને ઉતરવાની વ્યવસ્થા કરી આપી.

ગુજરાતે મહિલા સશક્તિકરણ માટે છેલ્લાં વર્ષોમાં શ્રેષ્ઠ પ્રયાસ કર્યા છે મને લાગે છે કે આ બધી જ વાતના પાયામાં શિક્ષણ રહેલું છે. શિક્ષિત દીકરી સમસ્યાનો સામનો કરવામાં સક્ષમ બને છે. પોતાનું સ્થાન જાતે બનાવે છે. ગુજરાત સરકારે પ્લેટફોર્મ પુરુ પાડયું અને ગુજરાતની દીકરી પાયલટ આંતરરાષ્ટ્રીય સ્તરે રાઈફલ શુટિંગમાં નીશાન વીંધીને મેડલ મેળવી લાવી. ગુજરાતની દીકરી બનીને પુરુષ પાઈલટ સાથે ખભેખભા મિલાવે છે. આ ગુજરાતી નારીની તાકાત છે.

ઘણા માને છે કે વિકાસથી ભણેલા અને શહેરના લોકોને જ પ્રોત્સાહન મળે છે, પણ એ વાત તદ્દન ખોટી છે અને આ વાત ખોટી સાબિત કરનારી બહેનો છે પ્રમાણમાં પછાત વિસ્તાર ગણાતા બનાસકાંઠા જિલ્લાની સ્ત્રીઓ પશુપાલનના વિકાસ માટે જે મહેનત કરે છે, એ જોઈને કોઈ પણ પુરુષ પશૂપાલકને પણ ત્રણ વાત શીખવા મળે એવું ઉદ્દાહરણ છે.

દૂધનાં ઉત્પાદનમાં તો જબરદસ્ત વધારો થયો જ છે અને મહિલા દૂધમંડળીઓ સ્થાપવામાં પણ બનાસકાંઠાની આ બહેનોએ અભુતપુર્વ જાગૃતિ દાખવી છે. ત્યાંના પ્રવાસ દરમિયાન હું એક બહેનને મળી હતી, જે સવા સો જેટલી ભેંસનો ઉછેર કરીને માત્ર દૂધમાંથી જ વાર્ષિક રૂપિયા ૩૫ લાખ કમાય છે. આ બતાવે છે કે વિકાસના વાતાવરણમાં મહિલાઓએ પણ સાહસ, ઉત્સાહ અને પરિશ્રમથી પુરુષ જેટલું જ, બલકે કેટલાંક





ક્ષેત્રમાં પુરુષ કરતાં પણ વધારે પરિણામ હાંસલ કર્યું છે.

મને લાગે છે કે ઘણું કર્યું છે, છતાં હજુ ઘણું કરવાનું બાકી છે. સમસ્યાનાં મૂળમાં પણ શિક્ષણનો અભાવ જ છે. સમાજમાં સ્ત્રી - પુરુષની જે અસમાનતા છે, સ્ત્રીઓ સામે જે ગુના નોંધાય છે કે મહિલાઓ જે જે સમસ્યાનો સામનો કરી રહી છે એના મૂળમાં ઘણેખરે અંશે શિક્ષણનો અભાવ જ છે. આર્થિક અસમાનતા જેવાં તથ્યો પણ છે.

ગામમાં સ્ત્રીઓ માટે ટોઈલેટ ન હોવાં એ પણ એક જટિલ સમસ્યા છે અને એટલે જ એક મહિલા મુખ્ય મંત્રી તરીકે મેં એ માટે પણ ગામેગામ - ઘેર ઘેર ટોઈલેટ હોવાં જોઈએ એની ઝુંબેશ ઉપાડી છે. નવસારીમાં એક પ્રસંગે મારે જવાનું થયું. ત્યાં એક કાર્યક્રમમાં મેં બાર જેટલી મહિલા જનપ્રતિનિધિનું સન્માન કર્યું. કારણ કે એમણે ગામમાં સો ટકા શૌચાલય નું ધ્યેય સિધ્ધ કરવામાં પોતાના નેતૃત્વથી ખૂબજ પ્રદાન આપ્યું હતું. દરેક પુરુષ પોતાના પરિવારની મહિલાની આટલી ચિંતા કરે તો પણ હું માનું છું કે ગામેગામ પ્રત્યેક ઘરમાં શૌચાલયનું નિર્માણ થાય અને નિર્મળ ગુજરાતનું આપણું જે સપનું છે એ સાકાર થાય.

આજે મહિલાઓના સશક્તિકરણ માટે પણ કેટલાંક પગલાં જરૂરી છે. મિશન મંગલમ્ યોજના અમલમાં મુકી હજારો મહિલાઓને સ્વસહાય જૂથની મદદથી આર્થિક પગભર કરવાનો અમે પ્રયાસ કર્યો. પશુપાલન સાથે સંકળાયેલી મહિલાઓને આર્થિક સહાયનો ટેકો આપીને આ રાજ્ય સરકારે એમના સશક્તિરણને વધુ સુદઢ બનાવ્યું છે. દૂધક્ષેત્રે સહકારી પ્રવૃત્તિઓમાં મહિલાએ દેશને રાહ ચીંધ્યો છે એ સૌ જાણે છે.

આવતો યુગ એ ટેકનોલોજીનો યુગ થવાનો છે એમાં સ્ત્રી - પુરુષ એવો આપણે જોઈએ છીએ એવો ભેદ રહે એવી શક્યતા હું જોતી નથી. સ્ત્રી એ સ્ત્રી છે, પુરુષ એ પુરુષ છે. અનેક ક્ષેત્રમાં એ પુરુષથી આગળ પણ છે અને ઘણા બધા દેશ - સમાજ એવા પણ છે, જ્યાં સ્ત્રીઓના વિકાસ અને ભાગીદારીને સ્વતંત્રતા મળી નથી. એ સૌ એમનું સ્થાન પ્રાપ્ત કરશે ત્યારે સ્વસ્થ સમાજની રચના થશે અને સ્ત્રીઓ સમાજનાં દરેક ક્ષેત્રમાં સરખી રીતે પોતાના હક પણ ભોગવશે અને પોતાનું પ્રદાન પણ કરશે. શિક્ષણ, ટેકનોલોજી અને રોજગારીમાં મોટું પ્રદાન કરવા ઉપરાંત આવતી કાલની સ્ત્રી અનેક ક્ષેત્રમાં નેતૃત્વ પણ કરશે એવી મને શ્રદ્ધા છે.

***- આનંદીબેન પટેલ,*** *મુખ્ય પ્રધાન - ગુજરાતરાજ્ય*


**SHRI ARIHANT CO- OPERATIVE BANK LIMITED**

ESTED. 1984

(REG. NO. BOM / BNK / 175 OF 1984)

**HEAD OFFICE :**
GB 10A & 10B, Karma Stambh,
L.B.S. Marg, Vikhroli (West),
Mumbai - 400 083.
Tel.: 2579 9326
Vodafone FCT 96194 86622
Fax No.: 022 - 2579 9323
E-mail : acblho@arihantbank.com
Website : www.arihantbank.com

## બેંકનાં વર્તમાન શેયર ધારકોને અગત્યની સૂચના

**મહારાષ્ટ્ર કો-ઓપરેટીવ સોસાયટીસ એક્ટ ૧૯૬૦ અને મહારાષ્ટ્ર કો-ઓપરેટીવ સોસાયટીસ રૂલ્સ. ૧૯૬૧ માં થયેલ સુધારાઓ મુજબ બેંકનું સામાન્ય સભ્ય પદ (Ordinary Membership) મેળવવાં માટે ઓછામાં ઓછાં રૂા. ૧૦૦૦/- (અંકે રૂપિયા એક હજાર) ની કિમંતના શેયર તથા બેંકના કોઈપણ ખાતામાં ઓછામાં ઓછી જમા રક્કમ (Minimum Credit Bank) રૂા. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસૌ) રાખવાનું ફરજિયાત છે. આ જરૂરિયાતો પૂર્ણ કરવાની મુદત તા. ૩૧.૩.૨૦૧૫ સુધીની છે.**

**વર્તમાન શેયર ધારકો જેના શેયરની કિમંત રૂા.૧૦૦૦/- થી ઓછી હોય અથવા બેંકના કોઈપણ ખાતામાં જમા રકમ રૂા.૫૦૦/- થી ઓછી હોય તેમણે સામાન્ય સભ્ય પદ જાળવી રાખવા ઉપરોક્ત નિયમોનું પાલન કરવું જરૂરી છે.**

**ઉપરોક્ત જરૂરિયાતોનું તા. ૩૧.૩.૨૦૧૫ સુધીમાં પાલન ન કરનાર શેયર ધારક સામાન્ય સભ્ય (Ordinary Member) ને મળતાં હકોથી વંચિત રહેશે.**

**શ્રી મહેન્દ્ર દેવજી ખોના** (ચેરમન) **શ્રી કલ્યાણજી ચાંપશી છેડા** (વાઈસ-ચેરમન) **શ્રી ખેતશી દેવશી ખોના** (સી.ઈ.ઓ.)

## 'પેરેન્ટીંગ ફોર પીસ'



'પેરેન્ટીંગ ફોર પીસ' આ અભિયાનના માધ્યમથી બાળકોને પ્રેમ અને આનંદનું બાળપણ આપવાનો પ્રયાસ થાય છે, જેથી તેઓ એકબીજાના ટેકાથી વધુ સારું કામ કરી શકે, તેમના કામનો વ્યાપ વધે અને તેમની સમજ અને ક્ષમતા વધે.

તા. ૨૨.૧૨.૨૦૧૪ના કચ્છ ભચાઉ ખાતે HDD કન્યા વિદ્યાલયમાં આ અભિયાન જે P4P નામાભિધાન ધરાવે છે અને જે એક ચળવળ સ્વરૂપે પાંગરી રહ્યું છે તેની પ્રવૃત્તિઓ વિશે ગીતાબેન જૈને પરિચય આપ્યો હતો જેમાં અનેક કાર્યકરો અને વાલીઓએ હાજરી આપી હતી અને તેમણે ખૂબ હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો.

આ ચળવળની બેઠકો વાપી, ધરમપુર, પારડી, ઉમરગામ, સુરત, અડાજણ, અમદાવાદ, સાયલા, અમરેલી, ભાવનગર, ભચાઉ, જુનાગઢ, મહુવા, ગુના (મ.પ્ર.), નવસારી અને અન્યત્ર યોજાઈ રહી છે. જેમાં કાર્યકરોને તાલીમ અપાય છે. વધુ માહિતિ parentingforpeace1@gmail.com અને www.parentingforpeace.in વિઝીટ કરી શકાય છે.


શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709


### શ્રી. કે.ડી.ઓ. જી.વી.સી. જૈન સંઘ ઘાટકોપર

**શ્રી કે.ડી.ઓ. જી.વી.સી. જૈન સંઘ દ્વારા આયોજીત એક દિવસીય પિકનિક (સ્નેહ મેળાવડો)**

**''ચોકીદાની'' - કલ્યાણનાકા**

તા. ૧૪.૩.૨૦૧૫ ને શનિવારના અનંત છાયાથી બપોરના ૩.૩૦ કલાકે બસ દ્વારા પ્રયાણ કરીને ચોકીદાની પહોંચવાનું - સમગ્ર પિકનિકનો ખર્ચો વ્યક્તિ દીઠ રૂા. ૬૦૦/ થાય છે. પણ આપણા સંઘના મેમ્બરને માટે વ્યક્તિ દીઠ ફક્ત રૂા. ૩૦૦/- રાખેલ છે. ફક્ત ૧૫૦ મેમ્બરોને લઈ જવાના હોવાથી નામ વહેલો તે પહેલાના ધોરણે તા. ૧.૩.૨૦૧૫ થી લખાવવા વિનંતી

**સંપર્ક સુત્ર**

શ્રી અમીતભાઈ શિયાળ મો. 9820130363

જવેરચંદભાઈ નાગડા મો. 9821013667

શ્રી હર્ષદભાઈ મોમાયા મો. 9324167280

શ્રી નિલેશભાઈ નાગડા મો. 9819892277


શુભેચ્છાઓ સહ...

**સાંધવ રત્ન**

**શ્રી મુલજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**

ઝવેરી બજારની

**જ્યોતિ**

હવે માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) માં પણ...

**ફેશનપ્રિય સન્નારીઓ લગ્નસરાની સાડીઓમાં વર્ષોથી પ્રખ્યાત જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) ની મુલાકાત જરૂર લો.**

• ઘરચોળા • બાંધણી • પાનેતર • બોર્ડરો રીયલ તથા ટેસ્ટેડ સાડીઓ તેમજ ચણીયા ચોલીની લેટેસ્ટ વેરાયટીઝ માટે પધારશો

૨૮, ગની મેન્સન, દુકાન નં-૧, અરોરા સિનેમાની પાછળ, માટુંગા (સે.રે), કિંગ સર્કલ, મુંબઈ - ૧૯ ફોન 24043995

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરી બજાર, ખારાકુવા સામે, મુંબઈ - ૦૨ ટેલી : 22413995/22402786

# જીવન જીવવાનું સજ્જડ કારણ




આ વરસે સેકન્ડ વર્લ્ડ વોર અને હિટલરનો આતંક ખતમ થયાને ૭૦ વર્ષ પૂરાં થાય છે, ફર્સ્ટ વર્લ્ડ વોર શરૂ થયાને ૧૦૦ વર્ષ પૂરાં થયાં છે અને કોલ્ડ વોર પુરું થયાંને ૨૫ વર્ષ. ૧૯૮૯ પછી જન્મેલી નવી પેઢીને કોલ્ડ વોર એટલે શું એ ભાગ્યે જ ખબર હશે એટલે પહેલું અને બીજું વિશ્વ યુદ્ધ તો બહુ દૂરની વાત કહેવાય. જોકે જૂની પેઢીને પણ વર્લ્ડ વોરનો કોઈ ફર્સ્ટ હેન્ડ એક્સ્પિરિઅન્સ નથી.

આપણા સ્વતાંત્રતા સંગ્રામનું સ્વરૂપ ૧૮૫૭ની ક્રાંતિ અને એ પછીના સશસ્ત્ર ક્રાંતિકારીઓના ગાળાને બાદ કરતા અંતે ગાંધીજીના પ્રભાવને કારણે અહિંસક લડાઈના સ્વરૂપનું રહ્યું. આપણે લોહી જોયું જ નથી. એની આપણા કલ્ચર પર પોઝિટિવ - નેગેટિવ બન્ને પ્રકારની અસર છે. વિચારવા ખાતર વિચારો કે જો આપણને ગાંધીજીના અહિંસક આંદોલનને બદલે ૧૮૫૭ની સશસ્ત્ર ક્રાંતિ બાદ આઝાદી મળી હોત, તો આજે દેશ કેવો - ક્યાં હોત? આપણે કેવા હોત? જીવન જીવવાની અને જીવનને જોવાની આપણી અને પશ્ચિમની રીત અને દ્દષ્ટિમાં જે ભેદ છે એના કારણે જ પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનો ભેદ કદી મટયો નથી અને મટે એમ પણ નથી.

સેકન્ડ વર્લ્ડ વોર દરમ્યાન હિટલરના અમાનુષી અત્યાચારોની, એનો ભોગ બનેલા યહુદીઓની અને એ વિષય પર બનેલી ગ્રેટ ફિલ્મો અને ડોક્યુમેન્ટરીસ ઉપરાંત જે વર્લ્ડ ક્લાસિક્સ ગણાય છે. તે વિષે છે આ લેખ.

**ડાયરી ઓફ અ યંગ ગર્લ - એન ફ્રેન્ક** - બીજા વિશ્વ યુદ્ધની વિભિષિકાનું સૌથી અમર પુસ્તક છે. જેની લેખિકા છે, એક સાવ ૧૩ વરસની ટીનેજ છોકરી, જેણે હજી દુનિયા જોઈ જ નથી. ૧૯૨૯માં જન્મેલી એન હજી તો માંડ દસ વરસની હતી, ને દુનિયા બીજા વિશ્વ યુદ્ધમાં સપડાઈ ગઈ. એની કમનસીબી એ જ કે હિટલરના નાઝી જર્મનીમાં એ યહુદી બાળા હતી. નાઝી સૈનિકોથી જીવ બચાવવા આઠ માણસોનું એનું કુટુંબ આમ્સર્ડમ શહેરની એક ઓફિસમાં છુપાય છે. ગમે ત્યારે પકડાઈ જવાના ભય વચ્ચે બે વર્ષ એન પોતાના કુટુંબ સાથે આ છૂપા સ્થાને ગાળે છે અને બે વર્ષના સમય ગાળામાં એને લખેલી ડાયરી એનને વિશ્વ સાહિત્યમાં સ્થાન અપાવે છે. ડર, આતંક અને યાતનાઓ વચ્ચે પણ ટકી ગયેલી અમર આશાની આ કથા છે. જોકે, એન પોતાની ડાયરીને અમર થતી જોવા જીવી નથી શક્તી. બે વર્ષ બાદ નાઝી સૈનિકો એ લોકોને શોધી કાઢીને કેદ કરે છે અને હિટલરના કોન્સન્ટ્રેશન કેમ્પમાં ૧૯૪૫માં એન ફ્રેન્ક મૃત્યુ પામે છે. એનના મરણ બાદ એની ડાયરી કેવી રીતે મળી એની પણ એક રોમાંચક કથા છે.

**મેન્સ સર્ચ ફોર મીનિંગ** - આવું જ બીજું અદભુત પુસ્તક છે. એના લેખક **વિક્ટર ફ્રેંકલ** યહુદી મનોચિકિત્સક છે અને પોતે હિટલરના કોન્સન્ટ્રેશન કેમ્પની યાતનાઓ સહી, મોતના મોમાંથી બચી જનાર સર્વાઈવર છે. એક્સ્ટ્રીમ કહી શકાય એવી શારીરિક - માનસિક યાતનાઓ વેઠીને પણ એ જીવતા કઈ રીતે રહી શક્યા, એનું રહસ્ય એ આ પુસ્તકમાં આપણને સમજાવે છે.

૧૯૪૬ માં વિક્ટરે જર્મન ભાષામાં લખેલું આ પુસ્તક એટલું અપીલિંગ છે કે, દુનિયાની ૨૫ ભાષાઓમાં એનો અનુવાદ થયો છે. ખરેખર

*અનુસંધાન ૨૨ માં પાને*

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન અને શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા મુલુંડના સર્વોદય નગરમાં શ્રી અનંતજિન અચલગચ્છ આરાધના ભવન રૂપે પ.પૂ. સાધ્વીશ્રી ચારુલતાશ્રીજી મ.સા.ની સ્મૃતિ કાયમી જાળવવાની વ્યવસ્થા થઈ તે સુકૃતની ભાવભરી અનુમોદના. *તન - મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE★★★
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

।। જય ચક્રેશ્વરી માતા ।।　　　　।। જય શ્રી પદ્માવતી માતા ।।　　　　।। જય શ્રી મહાકાલી માતા ।।

।। શ્રી નમો નમ : તીર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ સ્વામીને નમ : ।।

।। શ્રી આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસૂરીભ્યો નમ : ।।

**શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ**

**૪૦૦ વર્ષથી અધિક પ્રાચીન તીર્થ શ્રી સુપાર્શ્વનાથ જિનાલયની જીર્ણોધ્ધાર સહ નવ-નિર્માણ બાદ**

## પ્રથમ ધ્વજારોહણ - વર્ષગાંઠ પ્રસંગે

## ત્રિહાનીકા મહોત્સવનાં ચડાવા (ઉછામણી) પધારવા



# ...ભાવભર્યું આમંત્રણ...



**દિવ્યકૃપા :** કચ્છ-ગચ્છના હૃદયસમ્રાટ્, ભારતદિવાકર, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.**

**શુભ આશિષ :** તપસ્વીસમ્રાટ્, સંઘશિરછત્ર અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**શુભ પ્રેરણા :** સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સમારાધક, સૌમ્યસ્વભાવી, સાહિત્યદિવાકર **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

**નિશ્રા પ્રદાન :** ૧૩માં વરસીતપના આરાધક સરળ સ્વભાવી પ.પૂ. ગણિવર્ય ભગવંત **શ્રી કવિન્દ્રસાગર મ.સા.** આદિ ઠાણા ગણિપદના ૨૫ વર્ષ બદલ શુભકામના અને મુંબઈમાં વિચરતા અચલગચ્છના પ.પૂ. સાધુ તેમજ સાધ્વીજી ભગવંતો અનુકુળતાએ પધારશે.

**: શુભ દિવસ :**

**રવિવાર, તા. ૧૫.૦૩.૨૦૧૫**
**બપોરના ૨.૦૦ કલાકે**

**: શુભ સ્થળ :**

**જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશીનાથા સભાગૃહ,**
**ગ્રાઉન્ડ ફ્લોર, અનંતસિદ્ધી, ભાંડુપ (વે.),**
**મુંબઈ - ૪૦૦ ૦૭૮.**

**: વિશેષ આકર્ષણ:**
**અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવની જાજરમાન વીડીઓ ફીલ્મ બતાવવામાં આવશે.**

**સાધર્મિક ભક્તિ**

બપોરના ચા-કોફી તેમજ ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે.
સાધર્મિક ભક્તિનો લાભ જરૂરથી આપવા વિનંતી.

### ❖ ધ્વજારોહણ - વર્ષગાંઠનો કાર્યક્રમ ❖

**: નિશ્રા પ્રદાન :**

અચલગચ્છાધિપતિના આજ્ઞાવર્તિની તપસ્વી શાંતમૂર્તિ **પ.પૂ. સાધ્વીશ્રી નરેન્દ્રશ્રીજી મ.સા. ના. શિષ્યા, પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.** આદિ ઠાણા તેમજ **પ.પૂ. સાધ્વીશ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા.** આદિ ઠાણા

**પ્રથમ દિવસ : સંવત ૨૦૭૧, જેષ્ઠ સુદ ૬, શનિવાર, તા. ૨૩.૫.૨૦૧૫**
સવારના ગુરૂ ભગવંતોની પધરામણી સ્વાગત, માંગલીક, નવકાર જાપ અને બપોરના ૩.૦૦ કલાકે શ્રી પંચ કલ્યાણ પુજા, રાત્રેઃ ભાવના-આરતી-મંગલદીવો

**દ્વિતિય દિવસ : સંવત ૨૦૭૧, જેષ્ઠ સુદ ૭, રવિવાર, તા. ૨૪.૫.૨૦૧૫**
સવારના ભક્તામર પાઠ અને વ્યાખ્યાન, બપોરના ૨.૦૦ કલાકે : અઢાર અભિષેક, રાત્રેઃ ભાવના

**તૃતીય દિવસ : સંવત ૨૦૭૧, જેષ્ઠ સુદ ૮, સોમવાર, તા. ૨૫.૫.૨૦૧૫**
સવારના ૯.૦૦ કલાકે સત્તરભેદી પૂજા, નવમી પૂજા સમયે ધ્વજારોહણ બાદ શાંતી કળશ અને ૧૦૮ દિવાની આરતી બાદ બહુમાન.

## વિવિધ ચડાવાઓની યાદી જે મુંબઈ મુકામે બોલાશે.

**૧) શ્રી પંચ કલ્યાણક પૂજા**

**૨) અઢાર અભિષેક માં દરેક ભગવાન, દેવી- દેવતા-ગુરૂ ભગવંતના અભિષેકના ચડાવા બોલાશે અને તે પરિવારને અઢારે અભિષેક કરવાનો લાભ મળશે.**

૧) શ્રી સુપાર્શ્વનાથ દાદા, ૨) શ્રી કુંથુનાથ ભગવાન, ૩) શ્રી નેમિનાથ ભગવાન ૪) શ્રી સંભવનાથ ભગવાન, ૫) શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાન, ૬) શ્રી સુમતિનાથ ભગવાન, ૭) શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન, ૮) શ્રી નમિનાથ ભગવાન, ૯) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન ૧૦) શ્રી આદિશ્વર ભગવાન, ૧૧) શ્રી ચકેશ્વરી દેવી, ૧૨) શ્રી મહાકાલી દેવી, ૧૩) શ્રી પદમાવતી દેવી, ૧૪) શ્રી સરસ્વતી દેવી, ૧૫) શ્રી દાદા કલ્યાણસાગર સૂરીશ્વરજી મ.સા.

**૩) શ્રી સત્તર ભેદી પૂજા અને અરિહંતપદ અનુષ્ઠાન**

**૪) મુળનાયક શ્રી સુપાર્શ્વનાથ દાદાના જીનાલયની**

**૫) મુળનાયક શ્રી આદેશ્વર દાદાના જીનાલયની**

**૬) શ્રી દાદા કલ્યાણસાગરસુરીશ્વરજીની દેરીની**

**૭) ત્રણ દિવસની સાધર્મિક ભક્તિના નકરા (પ્રતિ દિવસ)**

- સવારના નવકારશી : રૂા. ૫,૦૦૦.૦૦
- બપોરના જમણ : રૂા. ૧૧,૦૦૦.૦૦
- બપોરના ચા-કોફી : રૂા. ૫,૦૦૦.૦૦
- સાંજના ચૌવિહાર : રૂા. ૧૦,૦૦૦.૦૦
- સંપૂર્ણ દિવસ : રૂા. ૩૧,૦૦૦.૦૦

### ❖ કરણ – કરાવણ – અનુમોદન સરખા લાભ નિપજાવે ❖

અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવના તેમજ નૂતન જિનાલયના દાતા પરિવારો, સર્વે કાર્યકર્તાઓને આ પ્રસંગે અચૂક હાજરી આપી મહોત્સવની ભવ્યતાની યાદ તાજી કરવા પધારવા વિશેષ વિનંતી. આપ સૌના તન, મન, ધનથી આ તિર્થ નિર્માણ પામ્યુ છે અને સંઘ આપનો સદા ઋણી રહેશે.

### પધારશો..... પધારશો..... પધારશો.....

**આપના આગમનના અભિલાષી**

**શ્રી મોડપર સુપાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રયના ટ્રસ્ટીગણ**

પંકજ કેશવજી ધરમશી – પ્રમુખ ટ્રસ્ટી
અશોક મણિલાલ દંડ – ઉપપ્રમુખ ટ્રસ્ટી
સુનીલ માણેકજી લોડાયા – ઉપ પ્રમુખ ટ્રસ્ટી
જીવરાજ કીલાચંદ નાગડા – માનદ્ મંત્રી ટ્રસ્ટી
ભૂપેન્દ્ર લખમશી લોડાયા – સહ માનદ્ મંત્રી ટ્રસ્ટી
નવીનચંદ્ર રતનશી શાહ – ખજાનચી ટ્રસ્ટી
મનોજ ભવાનજી ખોના – સહ ખજાનચી ટ્રસ્ટી

**કારોબારી સમિતી**

● નરેન્દ્ર જેતશી શિયાલ ● સોમચંદ ઠાકરશી ધરમશી ● નરેન્દ્ર કુંવરજી ધરમશી ● ઉત્તમ હેમરાજ લોડાયા ● ભરત લક્ષ્મીચંદ દૌલત ● તિલકચંદ જયંતીલાલ ખોના ● ગુલાબચંદ ત્રિકમજી નાગડા

**વિશેષ માર્ગદર્શક**

- ચીમનભાઈ મેઘજી મોતા
- પારસભાઈ પદમશી મૈશેરી
- કલ્પેશભાઈ માણેકજી મોતા
- કાંતીલાલ ગાંગજી વોરા

જય જિનેન્દ્ર વાંચશોજી !

__મુંબઈ કાર્યાલય :__ શ્રી આર્ય જૈન કલ્યાણ કેન્દ્ર, ૧૦૩, મેઘરત્ન બિલ્ડીંગ, દેરાસર લેન, ઘાટકોપર (પૂ), મુંબઈ - ૭૭.

__સંપર્ક :__ નિતિનભાઈ : ૦૨૨-૨૫૦૧ ૧૭૮૮ નરેન્દ્ર શિયાલ - ૯૮૨૦૦૩૪૨૬૮
ઉત્તમ લોડાયા - ૯૮૨૧૪૧૦૭૦૮ નરેન્દ્ર ધરમશી - ૯૮૨૦૧૩૧૬૩૬

।। સાક્ષાત ચમત્કારિક શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમો નમ : ।।

# શ્રી નાની ખાવડી કચ્છી દશા ઓશવાળ અચલગચ્છ શ્વેતાંબર જૈન સંઘ

મુ. નાની ખાવડી, પોસ્ટ – સીક્કા, જીલ્લો – જામનગર, સૌરાષ્ટ્ર. પીન – ૩૬૧૧૪૦

સ્નેહી સ્વજન

હાલાર દેશની પાવન ધન્ય ધરા પર નાની ખાવડી મધ્યે નવનિર્મિત ગૃહજિનાલયના જિનબિંબોની પ્રતિષ્ઠા આદિ ચડાવા આદેશના ઉપાર્જન પ્રસંગે ધર્મોપાસક શ્રાવક – શ્રાવિકા, સાજન મહાજન સર્વેને પધારવા સસ્નેહભર્યું આમંત્રણ

દિવ્ય કૃપા દાતા – શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.

શુભ આજ્ઞા આશિષ દાતાઃ તપસ્વી સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.

આશિષ દાતા : સાહિત્ય દિવાકર પ. પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.

માર્ગદર્શક તથા પાવનકારી નિશ્રાદાતા ૧૩માં વર્ષીતપના આરાધક, પ. પૂ. ગણીવર્ય ભગવંત શ્રી કવીન્દ્રસાગરજી મ. સા.

નૂતનગૃહ જિનાલયના પ્રેરણામૂર્તિ સ્વાધ્યાયપ્રેમી
પ. પૂ. સા. શ્રી મહોદયશ્રીજી મ. સા. પ. પૂ. સા. શ્રી યશોદયશ્રીજી મ. સા.
પ. પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ. સા. ની મંગલકામના

ચિંતામણી પાર્શ્વનાથ દાદા ગૃહજિનાલય નુતનીકરણના
લાભાર્થી પરિવાર માતૃશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા
ગામ – કોઠારા હાલે – ચાલીસગામ

## પ્રતિષ્ઠાની ધન્ય ઘડી

**જેઠ સુદ ૧૩ શનિવાર તા. ૩૦ મે ૨૦૧૫**

ધન્ય ઘડી

## પ્રતિષ્ઠા મહામહોત્સવની ઉચ્છામણી

ફાગણ સુદ ૧૧ રવિવાર તા. ૧ માર્ચ ૨૦૧૫
સવારના ૮.૩૦ થી ૬ વાગ્યા સુધી

**કાર્યક્રમનું શુભ સ્થળ**

ગુર્જરવાડી લક્ષ્મીનારાયણ લેન, માટુંગા C.R., મુંબઈ

**કાર્યક્રમ સંચાલન**

શ્રી. ચંદ્રકાંતભાઈ દેઢીયા – બિદડાવાળા

કાંતિલાલ કુ. લોડાયા
૦૯૭૬૯૬૪૪૦૭૧

જયંતિલાલ ના. લોડાયા
૦૯૮૨૦૮૬૮૭૫૦

